(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. સોવણવત્તિયાએ **ઈત્થી વિપ્પરિયાસિયાએ દિટ્ઠી વિપ્પરિયાસિયાએ મણ વિપ્પરિયાસિયાએ પાણભોયણ** વિપ્પરિયાસિયાએ

૨. લેસાહિં **કિણ્હ લેસાએ નીલ લેસાએ કાઉ લેસાએ તેઉ લેસાએ** પઉમ

૩. સંજય **વિરય પડિહય પચ્ચકખાય પાવકમ્મો** અનિયાણો

૪. સજ્ઝાયસ્સ **અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ** દુપ્પડિલેહણાએ

૫. અણાભોગ **મિથ્યાત્વ લૌકિક મિથ્યાત્વ લોકોત્તર મિથ્યાત્વ કુપ્રાવચન** મિથ્યાત્વ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. પગામ સિજ્જાએ | **વધારે સૂતા રહેવાથી** |
| ૨. દંસણે | **સમ્યગ્દર્શનને વિશે** |
| ૩. પૂએસુ વા | **પરૂમાં ઉપજે તે** |
| ૪. હરિય ભોયણાએ | **લીલોતરીવાળું ભોજન આપવા વડે** |
| ૫. ચરમેહિં | **છેલ્લા** |
| ૬. દિટ્ઠી વિપ્પરિયાસિયાએ | **દૃષ્ટિના વિપર્યાસથી** |
| ૭. પરિગ્ગહિયં | **ગ્રહણ કરેલી હોય** |
| ૮. વય દુપ્પડિહાણે | **સામાયિકમાં ખરાબ વચન બોલ્યા હોય** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે? (૬)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. નહિ કરવા વડે | **અકરણયાએ** | **ત્રીજા શ્રમણસૂત્રમાં** |
| ૨. સચેત રજયુક્ત વસ્તુને સ્પર્શવાથી | **સસરક્ખામોસે** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૩. પગરખાની જાત અને મર્યાદા | **ઉવાણહ વિહિં** | **સાતમા વ્રતમાં** |
| ૪. છ પગી જૂ વગેરે જીવ | **છપ્પઈ સંઘટ્ટણાએ** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૫. વિશિષ્ટ વસ્તુઓને માંગીને ભિક્ષા લેવા વડે | **ઓહાસણભિક્ખાએ** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૬. ખોટી શ્રદ્ધાનો ત્યાગ કરવો | **કુદંસણ વજ્જણા** | **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ત્રીજું શ્રમણસૂત્ર શેના માટે છે? તેનું નામ શું છે? આ પાઠ ક્યારે બોલવામાં આવે છે?

**જ. સ્વાધ્યાય અને પ્રતિલેખનાના દોષોથી નિવૃત્ત થવા વિશે છે, તેનું નામ કાલ પ્રતિલેખના સૂત્ર છે. સવારે અને સાંજે પ્રતિક્રમણમાં બોલવો તેમ જ પ્રતિલેખનથી નિવૃત્ત થઈને આ પાઠનો કાયોત્સર્ગ કરવો જોઈએ.**

૨. શ્રમણસૂત્ર કોણે કરવા જોઈએ? ભગવતી સૂત્રમાં તે માટે શું કહ્યું છે?

**જ. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘે કરવા જોઈએ. ભગવતી સૂત્ર વીસમા શતકના આઠમા ઉદ્દેશકમાં ચઉવ્વિહે સંઘે પન્નત્તે કહીને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘને એક શ્રમણસંઘ કહેલ છે.**

૩. અગ્રપિંડ એટલે શું? શા માટે સાધુ ન લઈ શકે? તેમાં કયો દોષ લાગે છે?

**જ. તૈયાર કરેલા ભોજનનો થોડો પહેલો ભાગ પુણ્ય અર્થે કોઈ વાસણમાં કાઢીને અલગ મૂકવામાં આવે છે, એને અગ્રપિંડ કહે છે. તે પુણ્ય અર્થે કાઢવામાં આવેલો હોવાથી સાધુ માટે નિષેધ છે. મંડિ પાહુડિયાએ દોષ લાગે.**

૪. જુગારનો સમાવેશ કયા પાપમાં થાય છે? તેનું પરિણામ શું આવે છે?

**જ. જુગારનો સમાવેશ પરિગ્રહ પાપમાં થાય છે. તેનું પરિણામ ધન–સંપત્તિ ખતમ થઈ જાય, ખરાબ મિત્રોની**

**સોબત વધે, દારૂ, ચોરી જેવા બીજા વ્યસનો જીવનમાં પ્રવેશે, પરસેવાની કમાણી પાપમાં તણાઈ જાય છે.**

૫. વ્રત દરમિયાન રાતે સૂતા પહેલા, સવારે ઊઠીને અને દિવસ ઉગ્યા બાદ શું કરવું જોઈએ?

**જ. રાતે સૂતા પહેલા નમસ્કાર મંત્ર, લોગસ્સ આદિ સૂત્રોનું સ્મરણ કે કાયોત્સર્ગ કરવો જોઈએ. સવારે ઊઠીને પહેલા શ્રમણસૂત્રનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ. દિવસ ઉગ્યા બાદ રાત્રે કામમાં લીધેલ વસ્ત્ર, પથારીનું ફરી પ્રતિલેખન કરવું જોઈએ.**

**(૫૦)**

**પ્ર.૨ (અ) આગારધર્મના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. શ્રાવકની અવગાહના કેટલી છે? જીવના ભેદ કેટલા? **(૨)**

**જ. મનુષ્ય જઘન્ય બે હાથ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ. તિર્યંચ જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. જીવના ભેદ ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના પર્યાપ્તા.**

૨. જ્ઞાનથી અને દર્શનથી શ્રાવક શું કરી શકે છે? **(૧×૫)**

**જ. જ્ઞાનથી પદાર્થને જાણે અને દર્શનથી તેના પર શ્રદ્ધા કરે.**

૩. સુબાહુ કુમાર અને કામદેવ શ્રાવકની વાત કયા સૂત્રમાં આવે છે?

**જ. સુખ વિપાક સૂત્ર અને ઉપાસક દશાંગ સૂત્ર**

૪. આગમમાં ગણધરો કોના જીવન ગૂંથે છે? તેઓ કેટલા સૂત્રની રચના કરે છે?

**જ. તીર્થંકરે કહેલા શ્રાવકોના જીવન ગૂંથે. તેઓ ૧૨ અંગ સૂત્રની રચના કરે છે.**

૫. ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં શું કહ્યું છે?

**જ. શ્રાવક સામાયિક આદિની આરાધના કરતા થકા પાખીની રાત્રિએ પૌષધ કરે.**

૬. શું મળવું અતિદુર્લભ છે?

**જ. જૈનકુળ, આર્યક્ષેત્ર, પૂ. સાધુ-સાધ્વીજીનો સમાગમ, જિનવાણી, સમ્યગ્દર્શન, શ્રાવકપણું, સાધુપણું.**

**(આ) નવતત્ત્વના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

ઉચ્છ્વાસ નામ – **જેના ઉદયથી શ્વાસ વડે હવા ગ્રહણ કરી ઉચ્છ્વાસ વડે છોડવી.**

અનુભાગ બંધ – **કર્મનો તીવ્ર, મંદ આદિ રસ પરિણામરૂપ.**

આભ્યંતર તપ – **જે તપમાં ભૂખ આદિ બાહ્ય કષ્ટો ગૌણરૂપે હોય, જે તપની અસર સીધી આત્મા પર પડે.**

લોક ભાવના – **લોકનું સ્વરૂપ ચિંતવવું જેમ કે આ જીવે સર્વ લોક જન્મ-મરણે કરી સ્પર્શી લીધો છે. ઉદા. શિવરાજ ઋષિ.**

કેવળ દર્શનાવરણીય – **સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ થવો તે કેવળ દર્શન. તેના પર આવરણ.**

**(૨) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૨૩)**

૧. અકર્મભૂમિ એટલે શું ? અકર્મભૂમિના મનુષ્યના ધાતકીખંડમાં કેટલા ભેદ છે? કેવી રીતે? જ્યોતિષી દેવનો વિસ્તાર લખો. **(૪×૫)**

**જ. અકર્મભૂમિ એટલે ત્રણ કર્મ વ્યાપાર રહિત, દશ પ્રકારના કલ્પવૃક્ષે કરી જીવન જીવે તે. ધાતકીખંડમાં ૩૬ ભેદ છે. ૨ હેમવય, ૨ હિરણ્યવય, ૨હરિવાસ, ૨ રમ્યક્વાસ, ૨ દેવકુરુ, ૨ ઉત્તરકુરુ એ ૧૨×૩ = ૩૬. જ્યોતિષી દેવો તે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. એ પાંચ ચર અઢીદ્વીપમાં છે અને એ જ નામના બીજા પાંચ સ્થિર તે અઢીદ્વીપની બહાર છે, એમ કુલ દશ ભેદ. પ્રકાશ કરનારા દેવો હોવાથી જ્યોતિષી દેવો કહેવાય છે.**

૨. વ્યવાહરિક જીવનમાં અજીવ તત્ત્વને જાણીને શું કરશો?

**જ. ૧) અજીવ તત્ત્વોનો સ્વભાવ જડ છે અને તે જીવથી ભિન્ન છે તેવી શ્રદ્ધા અને સમજણ કરવી. ૨) જડ વસ્તુમાં સુખ કે શાતા દેવાનો સ્વભાવ નથી. ૩) અરૂપી અજીવ પદાર્થોનું જ્ઞાન કરી ભગવાનનાકેવળજ્ઞાન પર દૃઢ શ્રદ્ધા કરવી. ૪) પરિવર્તન એ પુદ્ગલનો સ્વભાવ છેમ એ શ્રદ્ધા કરી પુદ્ગલોની આસક્તિ ઘટાડવી.**

૩. તત્ત્વ કોને કહે છે? જીવના પાંચમા અને છટ્ઠા ભેદના નામ લખો.

**જ. તત્ત્વ એટલે વસ્તુનું સાચું સ્વરૂપ તથા જેનું સદાકાળ હોવાપણું છે તે.**
**સંસારી જીવની અપેક્ષા પાંચમા ભેદમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિ, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય, છટ્ઠા ભેદમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયકાય, વનસ્પતિકાય, ત્રસકાય.**
**સંસારી અને સિદ્ધની અપેક્ષા પાંચમા ભેદમાં સજોગી, મનજોગી, વચનજોગી, કાયજોગી, અજોગી. છટ્ઠા ભેદમાં સકષાયી, ક્રોધ કષાયી, માન કષાયી, માયા કષાયી, લોભ કષાયી, અકષાયી.**

૪. આશ્રવ તત્ત્વના વિશેષ ૪૨ ભેદ કેવી રીતે થાય? ટૂંકમાં લખો. નેસત્થિયા, દિટ્ઠિયા, પ્પઉગ ક્રિયા સમજાવો.

**જ. પાંચ આશ્રવ + પાંચ ઈન્દ્રિયનો અસંવર + ત્રણ યોગનો અસંવર + ચાર કષાય કરે + ૨૫ ક્રિયા = ૪૨.**
**નેસત્થિયા – જીવ કે અજીવને અયત્નાથી ફેંકવાથી, શસ્ત્ર કરાવવા, વાવ, કૂવા ખોદાવવાથી લાગે તે.**
**દિટ્ઠિયા – કુતૂહલતાથી, રાગ–દ્વેષથી જીવ કે અજીવને જોવા તે.**
**પ્પઉગ – મન, વચન, કાયાના યોગ અશુભ કરવાથી લાગે તે.**

૫. બંધ તત્ત્વના કેટલા ભેદ છે? કયા કયા? ચારિત્ર એટલે શું? અષ્ટ પ્રવચન માતાના નામ લખો.

**જ. બંધ તત્ત્વના ચાર ભેદ છે – ૧) પ્રકૃતિ બંધ ૨) સ્થિત્તિ બંધ ૩) અનુભાગ બંધ ૪) પ્રદેશ બંધ.**
**ચારિત્ર એટલે જે આવતા કર્મને રોકે, જે આઠ કર્મોનો નાશ કરે તે, સંયમરૂપ આચરણને ચારિત્ર કહે છે.**
**અષ્ટ પ્રવચન માતા – ઈરિયા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આયાણભંડમત્તનિક્ખેવણયા સમિતિ, ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ, મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ.**

૬. જંબૂ સ્વામી ૧૫ ભેદમાંથી કેટલા અને કયા ભેદમાં સિદ્ધ થયા? જીવ કયા કારણે મોક્ષમાં જાય? (૩)

**જ. ૬ ભેદ – તીર્થ સિદ્ધા, અતીર્થંકર સિદ્ધા, સ્વલિંગ સિદ્ધા, પુરુષલિંગ સિદ્ધા, બુદ્ધબોહી સિદ્ધા, એક સિદ્ધા. જીવ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના કારણે મોક્ષમાં જાય.**

**(૩) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૭)**

૧. બાહ્ય અને આભ્યંતર તપ કોના જેવા છે?

**જ. બાહ્ય તપ શરીરની ત્વચા ચામડી જેવું અને આભ્યંતર તપ લોહી, માંસ, વીર્ય, ધાતુ આદિ જેવું છે.**

૨. પુણ્ય તત્ત્વના ૯ ભેદમાંથી ૪ થી ૭ ના નામ લખો.

**જ. ૪) સયણ પુન્ને ૫) વત્થ પુન્ને ૬) મન પુન્ને ૭) વચન પુન્ને.**

૩. શિલાનો પિંડ કેટલા યોજનનો છે? તેમાં પાથડા, આંતરા અને નરકાવાસ લખો.

**જ. શિલાનો પિંડ ૧૨૮૦૦૦ યોજન, પાથડા ૯, આંતરા ૮, નરકાવાસ ૧૫ લાખ.**

૪. રાતા વર્ણમાં કેટલા અને કયા ભેદ લાગે?

**જ. રાતા વર્ણમાં ૨૦ ભેદ લાભે. ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ.**

૫. મોક્ષમાં જવા ચારિત્ર, સંઘયણ અને લેશ્યા કઈ જોઈએ?

**જ. યથાખ્યાત ચારિત્ર, વજ્રઋષભ નારાચ સંઘયણ અને પરમ શુક્લલેશ્યા.**

૬. નિર્જરા અને પુણ્ય તત્ત્વ હેય છે કે ઉપાદેય? તેના ભેદ કેટલા?

**જ. નિર્જરા તત્ત્વ ઉપાદેય છે તેના ભેદ ૧૨ છે. પુણ્ય તત્ત્વ હેય અને ઉપાદેય છે તેના ૪૨ ભેદ છે.**

૭. ભાગ દ્વાર લખો.

**જ. તે સિદ્ધના જીવ સઘળા જીવને અનંતમે ભાગે છે અને લોકના અસંખ્યાતમે ભાગે છે.**

**(ઈ) ૩૨ આગમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. આગમ સૂત્ર કેટલા છે? તેનાથી શેનું જ્ઞાન થાય છે?

**જ. ૩૨. તેનાથી જીવ, અજીવ આદિ છ દ્રવ્યનું જ્ઞાન થાય છે?**

૨. વડી દીક્ષા લેવાનો પાઠ કયો છે? તેમાં બીજું શેનું વર્ણન છે?

**જ. દશવૈકાલિક સૂત્રનું ચોથું અધ્યયન. સાધુના આચાર, ભાષા, વિનય વગેરેનું વર્ણન છે.**

૩. ચતુર્વિધ સંઘને કરવા યોગ્ય સૂત્ર કયું? તેનું બીજું નામ શું છે?

**જ. આવશ્યક સૂત્ર. પ્રતિક્રમણ સૂત્ર.**

૪. ઉપાંગ સૂત્રની રચના કોણે કરી? વર્તમાને તેની સંખ્યા કેટલી છે?

**જ. જ. ૧૦ પૂર્વ ઉ. ૧૪ પૂર્વના જ્ઞાનીની સ્થવિરોની રચના છે. વર્તમાને તેની સંખ્યા ૧૨ છે.**

૫. અંતગડ સૂત્રમાં કોનું વર્ણન છે? તે કાલિક છે કે ઉત્કાલિક?

**જ. ગજસુકુમાર, શ્રેણિકની રાણીઓ, અર્જુનમાળી આદિ તથા તેમના વિવિધ તપનું વર્ણન છે. તે કાલિક છે.**

૬. ૧૨ મું અંગ સૂત્ર કયું છે? તેમાં શેનું વર્ણન છે?

**જ. દષ્ટિવાદ. તેમાં ૧૪ પૂર્વનું જ્ઞાન છે.**

૭. દશાશ્રુતસ્કંધ સૂત્રમાં શેનું વર્ણન છે? તે અંગ છે કે ઉપાંગ?

**જ. અસમાધિ સ્થાન, સબલા દોષ, આશાતના, આચાર્યની સંપદા, પડિમા આદિનું વર્ણન છે. તે છેદ સૂત્ર છે.**

૮. સૂર્ય વિમાન, પર્વ રાહુ, મંડલ ક્ષેત્ર આદિનું વર્ણન કયા સૂત્રમાં છે? તે કાલિક છે કે ઉત્કાલિક?

**જ. સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં, ઉત્કાલિક.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ત્રણથી ચાર લીટીમાં)**

૧. ભગવાને શું દેશના આપી? દેશના સાંભળી મેઘકુમારને શું આવ્યું?

**જ. શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું સ્વરૂપ બતાવ્યું. કયા પ્રકારે જીવ કર્મથી બંધાય છે? કયા પ્રકારે કર્મથી જીવ મુકત થાય છે અને કઈ રીતે જીવ સુખ–દુઃખને પ્રાપ્ત કરે છે? દેશના સાંભળી મેઘકુમારને વૈરાગ્ય જાગૃત થયો.**

૨. મૃગાપુત્ર દારક ગર્ભમાં આવ્યા ત્યારે રાણી પર તેની શું અસર થઈ? રાણીએ શું કર્યું?

**જ. જે દિવસે મૃગાપુત્ર ગર્ભમાં આવ્યા તે દિવસથી જ મૃગા રાણી પતિને અપ્રિય થઈ ગઈ હતી. રાણીની તરફ રાજા જોતા પણ ન હતા. તેથી રાણીની પીડા વધી ગઈ હતી. તેમણે ગર્ભ ગળાવવાના પ્રયત્ન કર્યા હતા.**

૩. મનુષ્યએ શા માટે અભિમાન ન કરવું જોઈએ? દશાર્ણભદ્ર રાજાએ શેની આરાધના કરી?

**જ. મનુષ્ય ગમે તેટલો દેખાડો કરે પણ જગતમાં તેનાથી વધારે કોઈને કોઈ વધારે શક્તિવાન, કાંતિવાન અને ઋદ્ધિથી સંપન્ન વ્યક્તિ હોય છે. દશાર્ણભદ્ર રાજાએ સંયમ અને તપની આરાધના કરી.**

૪. મેઘકુમાર પૂર્વના ત્રીજા ભવે શું હતો? તે કેવો હતો? ત્યાંથી મૃત્યુ પામી ક્યાં ઉત્પન્ન થયો??

**જ. મેઘકુમાર પૂર્વના ત્રીજા ભવે વૈતાઢ્યની તળેટીમાં સુમેરુપ્રભ હાથી હતો. વિશાળ કાયા ધરાવતો ૧૦00 હાથીનો નાયક યુથપતિ હતો. ત્યાંથી મૃત્યુ પામી વિંધ્યાચળ પાસે એક વનમાં મેરુપ્રભ હાથી તરીકે ઉત્પન્ન થયો. ત્યાં ૭00 હાથીઓનો યુથપતિ હતો.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. મારે આ પુત્રોને નથી જોવા. **ગૌતમ સ્વામી મૃગા રાણીને કહે છે.**

૨. નરકના જેવું દુઃખ ભોગવે છે. **ગૌતમ સ્વામી મનમાં વિચારે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | |
|---|---|
| ૧. બુદ્ધ્યા ........ ગ્રહીતુમ્ | **પાના નં. ૧૨૪ ગાથા ૩** |
| ૨. મત્વેતિ ......... બિન્દુઃ. | **પાના નં. ૧૨૫ ગાથા ૮** |
| ૩. સંયમ ......... સંસાર. | **પાના નં. ૧૨૬ કડી ૮૭/૮૮** |
| ૪. ઈણ ........ ઠામ. | **પાના નં. ૧૨૭ કડી ૧૦૮/૧૦૯** |
| ૫. શ્રેણિકના ......... રીસ. | **પાના નં. ૧૨૫ કડી ૭૮/૭૯** |

**જય જિનેન્દ્ર**